https://tv9gujarati.com/gujarat/gandhinagar/edii-entered-mou-with-higher-education-department-of-govt-regarding-student-entrepreneurship-policy-910261.html

# EDII એ વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી સંદર્ભે સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે કર્યા MOU

ગુજરાતમાં કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. 40 હજાર જેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવશે. વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી સંદર્ભે ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે MOU કર્યા છે. પ્રારંભિક તબક્કે 500 જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને 2 હજાર જેટલા વિદ્યાર્થીઓને લાભ અપાશે.



TV9 Gujarati | Edited By: Sagar Solanki | Updated on: Nov 29, 2023 | 5:54 PM

EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા)એ ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે “વિધાર્થી ઉધોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે MOU પર હસ્તાક્ષર કર્યા હતા.

આ MOU ગુજરાત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી રૂષિકેશ પટેલ, ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ નિયામક પરિમલ પંડ્યા તથા EDII નાં ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાની હાજરીમાં કરવામાં આવ્યા હતા.

આ પોલિસી વિધાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડશે તથા તેમને ભવિષ્યના સાહસિકો બનવા માટે વધુ પ્રોત્સાહિત કરશે.